# Greenlawns High School
QUESTION PAPER

MUMBAI - 400036

**For the Terminal Examination Year 2022** **Sub: Gujarati 2 Lang**

**Time: 3 Hours** **Class: X** **Full Marks: 80**

*This paper comprises of two sections; Section A and Section B. Attempt all the questions from Section A.*

*Attempt four questions from Section B, answering at least one question each from the two books you have studied and any two other questions from*

*the same books you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

## SECTION A (40 Marks)

*(Attempt **all** questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઇ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)

૧) 'સંપ ત્યાં જંપ' આ કહેવતના આધારે કોઇ એક પ્રસંગ કે ઘટના વર્ણવો.

૨) વિધાર્થી જીવનમાં સમય શિસ્તનું મહત્વ.

3) 'વૃક્ષ આપણા મિત્રો' પ્રકૃતિનું વર્ણન કરી વૃક્ષનું મહત્વ સમજવો.

૪) બધા ધર્મોના ઉદ્દેશ અને મૂલ્ય સરખા જ હોય છે આ વિષય પર ચર્ચા કરો.

**Greenlawns High School** QUESTION PAPER

MUMBAI - 400036

૫) સાથે આપેલું ચિત્ર જોઇ તમારા મન માં ઉઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લાખો.



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઈ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

૧) તમારા વિસ્તારમાં પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી. જળ સંસ્થા ના અધિકારીને તમારી સમસ્યા નિવારણ માટે પાત્ર લખો.

૨) તમે તમારા મિત્રોની સાથે પર્વતિય પ્રદેશની યાત્રા પર ગયા હતા ત્યાં ના પ્રકૃતિ સૌંદર્યનું વર્ણન કરતો પત્ર માતાને લાખો.

**Greenlawns High School** QUESTION PAPER

MUMBAI - 400036

Question 3

**Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.**

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

રોહીદાસ ચમાર જાતિના ભક્ત હતા. તેમની ભક્તિ વિશેનો એક પ્રસંગ બહુ બોધકારક છે. એકવાર ગંગાના પૂજન પ્રસંગે રોહીદાસ પણ કંકુ, ચોખા, નાળિયેર વગેરે લઈ ગંગાઘાટ ગયા. ત્યાં સહુ બ્રાહ્મણો પૂજન કરી રહ્યા હતા. ત્યાં રોહીદાસ ચમાર હોવાથી બ્રાહ્મણો દ્વારા પૂજા કરાવવા માટે એક વિપ્રરાજ નામના બ્રાહ્મણને પૂજનસામગ્રી આપી સ્તુતિ કરવા એક તરફ ઊભા રહ્યા. રોહીદાસની ઊંડા અંતઃકરણની ભાવભરી ભક્તિથી ગંગામૈયા પ્રસન્ન થયા અને માના પ્રસાદ રૂપે રોહીદાસના પૂજાપાની થાળીમાં રત્નજડિત કંકણ આપ્યું. વિપ્રરાજ બ્રાહ્મણ ખરેખર તો વિત્તદાસ હતો. એટલે વિત્તની ધનની લાલચ અને લોભને વશ થઈ તેણે એ કંકણ રોહીદાસને ન આપ્યું. રાજા પાસે જઈ પોતાની ભક્તિના ફળરૂપે મળેલ કંકણ છે એમ જણાવી ભેટ ધર્યું. રાજાએ તેને ખૂબ ધન અને ભક્ત તરીકેનું માન-સન્માન આપી કદર કરી.

રાજકુમારીને પિતા પાસેથી કંકણ મળતાં તેણે તેની જોડ માટે બીજું કંકણ માગી હઠ કરી. નહિ મળે તો પોતે જીવ આપી દેશે, અને અન્નજળ ત્યાગશે તેમ કહ્યું. રાજાએ બ્રાહ્મણને બોલાવી ગંગામૈયા પાસે બીજું કંકણ માગી કુંવરીની હઠ પૂરી કરવાની આશા કરી. તેમ ન કરે તો મૃત્યુદંડ થશે તેમ જણાવ્યું. રાજકુમારી અને વિપ્ર બન્નેના જીવ બચાવવા માટે રાજાને સાચી હકીકત જણાવી દેવાની બ્રાહ્મણને ફરજ પડી. રોહીદાસને સહુએ યાચનાભરી વિનંતી કરી. ગંગાતટે જઈ પૂજન કરવાનું ચમાર જાતિના રોહીદાસ માટે શક્ય નહોતું. તેથી રાજદરબારમાં એક વાસણમાં પાણી ભરી રોહીદાસે ગંગાસ્તુતિ કરી. માના પ્રસાદથી સહુને સુખશાંતિ મળે એને બદલે અહીં બે જીવ જોખમમાં મૂકાયા છે. માટે ગંગામૈયાને આર્જવભરી પ્રાર્થના કરી. વાસણના પાણીમાં કંકણ આવ્યું અને સહુએ રોહીદાસ ચમારની જયનો પોકાર કર્યો. ધનલોભી અને લાલચના દાસ એવા વિપ્રરાજને રાજાએ અને પ્રજાએ શિક્ષા કરવાની ઈચ્છા કરી પણ રોહીદાસની વિનંતી માની તેને છોડી દીધો. રાજાએ દરબારમાં જણાવ્યું કે ભગવાન તો હૃદયની સાચી ભક્તિથી જ પ્રસન્ન થાય છે. પછી તે ભક્તની જાત શું છે તે જોવાતું નથી, તેમની સમક્ષ સહુ-માનવ સર્વ જીવ સમાન છે. ગંગાતટે જવાથી જ કે બ્રાહ્મણની જ પૂજાથી ગંગાજી પ્રસન્ન થાય તેવો નિયમ નથી, ચમારજાતિના રોહીદાસને રાજદરબારમાં પાણી ભરેલા વાસણમાં પ્રગટ થઈ ગંગામૈયાએ કંકણ આપ્યું છે. તે પરથી આ સત્યની પ્રતીતિ મળે છે.

૧) ગંગાપૂજનની ઇચ્છા રોહીદાસે કેવી રીતે પૂર્ણ કરી?

(૨) ગંગાપૂજનના પ્રસાદ રૂપે શું મળ્યું? તેનું શું કર્યું?

૩) વિપ્રરાજ અને રાજકુમારી માટે પ્રાણસંકટ શા માટે આવ્યું?

૪) રાજાને બીજું કંકણ શી રીતે પ્રાપ્ત થયું?

૫) આ પ્રસંગ પરથી શો બોધપાઠ મળે છે?

# Greenlawns High School QUESTION PAPER

MUMBAI - 400036

Question 4

Answer the following questions according to the instructions given below.

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

I. નીચે આપેલા વાક્યો માંથી સાચી જોડણી વાળું વાક્ય લખો. (1)

૧) તેના દહાડા ભરાઇ ચૂક્યા છે.

૨) તેના દહાડા ભરાય ચૂક્યા છે.

૩) તેના દહાડા ભરાયા ગયા છે.

૪) તેના દહાડા ભરાઇ ચુક્યા છે.

II. નીચેના વાક્યોમાં સંજ્ઞા શોધી પ્રકાર લખો. (1)

ગાંધીજી હંમેશા સત્યના માર્ગે ચાલતા હતા.

૧) જાતિવાચક
૨) ભાવવાચક
૩) વ્યક્તિવાચક
૪) દયાળુ

III. નીચે લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલી વાક્ય ફરી લખો. (1)

<u>ગૃહિણીએ</u> ઘરના દરેક કામની જવાબદારી લીધી.

૧) ગૃહસ્થે ઘરના દરેક કામની જવાબદારી લીધી.
૨) ગૃહસથે ઘરના દરેક કામની જવાબદારી લીધી.
૩) ગૃહસ્થએ ઘરના કામની જવાબદારી લીધી.
૪) ગૃહસથએ ઘરના કામની જવાબદારી લીધી.

IV. પથરા નું દ્વિ અર્થ લખો. (1)

૧) માટી, ઢેફા
૨) શીલા, પથ્થર
૩) પહાણો, પર્વત
૪) પાષણ, શીલા

**Greenlawns High School** QUESTION PAPER

MUMBAI - 400036

V. નીચે આપેલા વાક્યો માંથી ભૂતકાળ નું વાક્ય લખો. (1)

૧) માલિકે સેવકના કામની પ્રશંસા કરી.
૨) માલિકે સેવક ના કામની પ્રશંસા કરશે.
૩) માલિકે સેવકના કામની પ્રશંસા કરતો હતો.
૪) માલિકે સેવક ના કામની પ્રશંસા કરી હતી.

VI. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. (1)

માણસનું બચ્ચું ન હોય એવો શબ્દ.

૧) ભૂલકું
૨) ભટુરિયું
૩) પીયરું
૪) બચોડિયું

VII. નીચે આપેલા વાક્યમાં લીટી દોરેલા શબ્દ નો વિરોધી શબ્દ લખો. (1)

ઘરમાં <u>સંપ</u> હોય તો શાંતિ રહે.

૧) અસંપ
૨) કુસંપ
૩) નસંપ
૪) સહકાર

VIII. નીચે આપેલા વાક્યમાં કયું રૂઢિપ્રયોગ યોગ્ય છે તે લખો. (1)

ખૂબ ખૂબ પ્રયત્ન કરીને ગાંધીજીએ મર્યાદિત સમયમાં જોડણી કોશ બહાર પાડ્યો.

૧) આકાશ પાતાળ એક કરીને.
૨) ધરતી આકાશ એક કરીને.
૩) મહેનત કરીને.
૪) ગગન આકાશ એક કરીને.

# Greenlawns High School QUESTION PAPER

MUMBAI - 400036

**SECTION B (40 Marks)**

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

SAHITYA GURJARI (POEMS)

Question 5
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં જવાબ લખો.

લીલીછમ મ્હોરવાની આશામાં ઊગેલી કૂપળ તોડાઇ એક તાજી

ગોરમાને પાંચપાંચ વરસોથી પૂજયાં ને ગોરમા જ નાવને ડુબાડે

મારું બચપણ ખોવાયું એ જ દાડે

પાંચીકા રમતીતી (Pachika Ramtiti)

મુકેશ જોશી (Mukesh Joshi)

૧) બચપનમાં કન્યા કઇ કઇ રમત રમતી હતી? તેનું બચપન કઇ રીતે ખોવય ગયું? (2)

૨) દીકરી બાને કઇ વાત કહેવાની રહી ગઇ? (2)

3) પાંચીકા રમતી દીકરીને કેવી રીતે વિદાય આપવામાં આવે છે? ક્યાં અને કોને દીકરી ચિઠ્ઠી લખતી હતી? શું લખવાનું બાકી રહી ગયું? (3)

૪) ઉપર યુક્ત કાવ્ય પંક્તિ તમારા શબ્દોમાં સમજાવો? (3)

# Greenlawns High School QUESTION PAPER

MUMBAI - 400036

Question 6

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

પરથમ પરણામ મારા, માતાજીને કહેજો રે

માન્યું જેણે માટીને રતનજી.

ભૂખ્યા રહૈ જમાડ્યા અમને, જાગી ઊંઘાડ્યા એવાં

કાયનાં કીધેલાં જતનજી!

પરણામ મારા – રામનારાયણ પાઠક

Parnam Mara - Ramnarayan Pathak

૧) કવિનું ઉપનામ લખી તેમના કાવ્યની વિશેષતા લખો? (2)

૨) ત્રીજા પરણામ કરવાનું કવિ કોને કહે છે? શેની વિશેષતા આલેખમાં આવી છે? (2)

૩) કવિ વેરીને પરણામ કરવાનું કેમ કહે છે? (3)

૪) કવિએ કોનું ઋણ સ્વીકારીયું છે? કોઇ પણ એક વિશે લખો? (3)

Question 7

અવરને મન રસની કથા ઇતર ના કંઇ તથા,
જીરવી એને જાણી, વીરા!
પ્રાણ જલન હોય ને તોયે ધારી એ શીતલ રૂપ.

બોલીએ ના કંઇ - રાજેન્દ્ર શાહ
Boliye na kai – Rajendra Shah

૧) કવિનું યુગ લખી કાવ્યનો પ્રકાર લખો? કાવ્યમાં ક્યા લક્ષણો નો ઝાંખી થાય છે? (2)

૨) કવિ ક્યાં એકલા જવાનું કહે છે? શા માટે? (2)

૩) કાવ્યમાં ક્યા સનાતન સત્યની વાત વર્ણવી છે? (3)

૪) [illegible] (3)

# Greenlawns High School

QUESTION PAPER

MUMBAI - 400036

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

Sahitya Gurjari (Short Stories)

એક જુવાન માછી બોલ્યો "આજે હોડી નહિ ચાલે આવું પૂર મેં જિંદગી ભરમાં જોયું નથી."

જમનાનું પૂર - રામનારાયણ વિશ્વનાથ પાઠક

Jamananu Pur – Ramnarayan Vishwanath Pathak

૧) લેખનું ઊપનામ લખી તેમના વિશે કોણે શું કહ્યું છે? (2)

૨) સ્ત્રી ક્યાં બેસી શો પ્રયત્ન કરતી હતી? તેનો પ્રયત્ન શી રીતે સફળ થયો? (2)

3) જમનાનુ પૂર ઉપર તરતા દીવાનું વર્ણન કરો? (3)

૪) કાલિન્દીના ધમદમતાં પૂરને કોની સાથે સરખાવામાં આવ્યા છે? સ્ત્રી ક્યું સુંદર દ્રશ્ય જોઇ સ્તબ્ધ ઊભી રહી હતી? (3)

Question 8

દસેક વાગ્યે મારા બારણામાં પરિચિત ચહેરો દેખાયો આવીને એ માણસ હસ્યો. હાસ્ય ઊપરથી હું એને ઓળખી ગયો.

હિંમત મારો દોસ્ત - મોહમ્મદ માંકડ
Himmat Maro Dost – Mohammad Makad

૧) લેખની કૃતિઓમાં વિશેષ શું જોવા મળે છે? તેમનામાં કઇ ખૂબી રહેલી છે? (2)

૨) લેખને કોના જેવું બનવું છે? શા માટે? (2)

3) ક્યા પ્રસંગે લેખકનો જૂનો ગર્વ ઉછળી ઊઠયો? (3)

૪) રસિકભાઇ પિતાની ચિઠ્ઠી જોઇ કઇ વાતની ખાતરી થઇ? (3)

# Greenlawns High School

QUESTION PAPER

MUMBAI - 400036

Question 9

'પણ હું ક્યાંથી પૈસા લાવું? આજકાલ એસ. એસ. સી. પાસને નોકરી પણ કોણ આપે છે? નીલિમાએ મોઢું ચઢાવી કહ્યું.

દાદાનો દલ્લો - ઈલા આરબ મહેતા
Ddano Dallo – Ila Aarab Mehta

૧) ઘરમાં શા માટે અણગમાં નું વાતાવરણ છવાય ગયું? (2)

૨) દાદાએ અખિલને ક્યું કામ સોંપ્યું? તેનાથી તેને શો ફાયદો થયો? (2)

૩) દાદાને કેટલા રૂપિયાની લોટરી લાગી હતી? લોટરી લાગવાથી ઘરના લોકોમાં કયું પરિવર્તન જોવા મળ્યું હતું? (3)

૪) અંતમાં દાદાની ચિઠ્ઠીમાં લખેલા વિચારો જણાવી આપણને શું સમજાવી જાય છે? (3)